# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 10-07-2025** **Evening : 7.10 to 7.20**

**Day : Thursday** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **મિત્તલ પટેલ** વાંચે છે.

---

1) વડોદરાના ગંભીરા બ્રિજ દુર્ઘટનાનો મૃત્યુઆંક 15 થયો. - જવાબદાર ચાર અધિકારીને ફરજમોકૂફ કરાયાં.
2) કેન્દ્રીય શિક્ષણ મંત્રી એ કહ્યું, દેશની વિશ્વ-વિદ્યાલયો વિકસિત ભારતના ધ્યેયને સાકાર કરવામાં મુખ્ય ભૂમિકા ભજવશે.
3) રમતગમત ક્ષેત્રે બાળકોનો રસ વધારવા સરકારી શાળાઓ ને વિશેષ કિટ અપાશે.
4) રાજ્યમાં આગામી ત્રણ દિવસ સુધી વરસાદનું જોર ઘટે તેવી આગાહી.
5) આણંદમાં આજથી શરૂ થયેલી ગુજરાત સ્ટેટ રેન્કિંગ ટેબલટેનિસ ચેમ્પિયનશિપમાં પહેલા જ દિવસે ખેલાડીઓનું ભવ્ય પ્રદર્શન.

---------------------------------------------------------------------------------------

(હવે પછી આપ 7 વાગીને 50 મિનિટે રાષ્ટ્રીય સમાચાર સાંભળી શકશો.)

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

# VADODARA BRIDGE UPDATE

વડોદરાના પાદરા તાલુકામાં મહીસાગર નદી પર આવેલા મુજપુર ગંભીરા બ્રિજ દુર્ઘટનામાં મૃત્યુઆંક 15 સુધી પહોંચ્યો છે. દરમિયાન આજે વહેલી સવારે રાષ્ટ્રીય આપત્તિ પ્રતિભાવ દળ- N.D.R.F. સહિતની બચાવ ટુકડી દ્વારા કરાયેલી તપાસ દરમિયાન એક મૃતદેહ મળી આવ્યો હતો.

જિલ્લા કલેક્ટર અનિલ ધામેલિયાએ જણાવ્યું , આજે સવાર સુધીમાં કુલ ત્રણ પાર્થિવ દેહ મળ્યા છે , જેમાંથી બેની ઓળખ થઈ છે. જ્યારે એક પાર્થિવ દેહની ઓળખ પ્રક્રિયા ચાલુ છે. હજી પણ ગુમ થયેલા ચાર લોકોની શોધખોળ ચાલુ છે.

રાજ્યના પ્રિન્સિપાલ સેક્રેટરી ધનંજય દ્વિવેદી આજે વડોદરાની સર સયાજીરાવ ગાયકવાડ હૉસ્પિટલ પહોંચ્યા હતા , જ્યાં તેમણે આ ઘટનાના ચાર ઈજાગ્રસ્તોના ખબરઅંતર પૂછ્યા હતા. રાજ્ય સરકાર ઈજાગ્રસ્તોને જરૂરી મદદ પૂરી પાડશે તેવી ખાતરી પણ તેમણે આપી.

બીજી તરફ, બ્રિજ દુર્ઘટના અંગે જવાબદાર અધિકારીઓની જવાબદારી નક્કી કરવા મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે સૂચના આપી છે. તેમણે આજે તેમના નિવાસસ્થાને આ ઘટના અંગે ચર્ચા કરવા એક બેઠક યોજી હતી.

. . . . . . . . . . . . .

# CM AADESH VADODARA

રાજ્ય સરકારે મુજપુર-ગંભીરા બ્રિજ દુર્ઘટના અંગે પ્રાથમિક તપાસ અવલોકનના આધારે જવાબદાર અધિકારીઓ સામે પગલાં લીધા. તે અંતર્ગત રાજ્ય સરકાર દ્વારા માર્ગ અને મકાન વિભાગના કાર્યપાલક ઇજનેર એન. એમ. નાયકાવાલા, નાયબ કાર્યપાલક ઈજનેર યુ. સી. પટેલ અને આર. ટી. પટેલ તેમજ મદદનીશ ઈજનેર જે. વી. શાહને તાત્કાલિક અસરથી ફરજમોકૂફ કરાયા હોવાનું સત્તાવાર યાદીમાં જણાવાયું છે.

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે વડોદરા —આણંદને જોડતા બ્રિજ દુર્ઘટના અંગે વિસ્તૃત અને ઝીણવટપૂર્વકની ઉચ્ચ સ્તરની તપાસ માટેના દિશાનિર્દેશ આપ્યા. ગઈકાલે આ ઘટના બની ત્યારથી શ્રી પટેલ માર્ગ-મકાન વિભાગ અને સંબંધિત જિલ્લા કલેક્ટરો સાથે સતત સંપર્કમાં છે.

. . . . . . . . . . . . .

# DHARMENDRA PRADHAN SoU

કેન્દ્રીય શિક્ષણ મંત્રી ધર્મેન્દ્ર પ્રધાને કહ્યું , આપણા દેશની વિશ્વ-વિદ્યાલયો વિકસિત ભારતના ધ્યેયને સાકાર કરવામાં મુખ્ય ભૂમિકા ભજવશે. નર્મદાના એકતાનગર ખાતે કેન્દ્રીય વિશ્વવિદ્યાલયોના કુલપતિઓના 2 દિવસના સંમેલનનું ઉદ્ઘાટન કરાવતા શ્રી પ્રધાને આ વાત કહી.

શિક્ષણ મંત્રાલય દ્વારા રાષ્ટ્રીય શિક્ષણ નીતિ 2020ના અમલને વધુ ગતિશીલ બનાવવાના ઉદ્દેશ સાથે સંમેલનનું આયોજન કરાયું છે. આ પ્રસંગે શ્રી પ્રધાને કુલપતિઓને તેમની વિશ્વ-વિદ્યાલયો માટે પોતાનું વિશેષ રાષ્ટ્રીય શિક્ષણ નીતિ અમલીકરણ મૉડેલ બનાવવા, વિદ્યાર્થી પ્રથમ અભિગમ અપનાવવા અને એક નવી શૈક્ષણિક સંસ્કૃતિ તેમજ શૈક્ષણિક મૉડેલ સ્થાપિત કરવા માટે કામ કરવા પણ આહ્વાન કર્યું.

**(BYTE: DHARMENDRA PRADHAN, UNION EDUCATION MINISTER)**

. . . . . . . . . . .

# SPORTS KIT

રાજ્યની સરકારી પ્રાથમિક , માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળામાં આગામી સમયમાં રમતગમતના સાધનો પૂરી પાડવામાં આવશે. શિક્ષણની સાથે બાળકોનો રમતગમત ક્ષેત્રે પણ રસ વધારવા રાજ્ય સરકારે આ નિર્ણય કર્યો છે. તે મુજબ, બાળકોને 29 કરોડ 45 લાખ રૂપિયાના ખર્ચે 30 પ્રકારના રમતગમતના સાધનો ધરાવતી 34 હજાર 483 જેટલી સ્પૉર્ટ્સ કીટ અપાશે એમ સત્તાવાર યાદીમાં જણાવાયું છે.

(V/C- MAYUR SOLANKI)

(... વિદ્યાર્થીઓને આપવામાં આવનારી સ્પૉર્ટ્સ કિટમાં કૅરમ બૉર્ડ , અલગ અલગ કદના ક્રિકેટ બૅટ , બૅડમિન્ટન, શટલ કૉક, ફૂટબૉલ, વૉલીબૉલ, હૅન્ડબૉલ, ડિસ્કસ, શૉટ પૂટ રબર, ભાલા, ચેસ સેટ, સ્કિપિન્ગ રૉપ, હર્ડલ સેટ, માર્કિંગ કોન્સ સેટ, રિલે બેટન સેટ, સોસર કોન્સ સેટ, ટેની કોઈટ, ક્રિકેટ સ્ટમ્પ સેટ, ટેનિસ બોલ સોફ્ટ, ટેનિસ બોલ હાર્ડ, સ્ટોપ વોચ તેમજ એર હેન્ડ પંપનો સમાવેશ કરાયો છે.)

. . . . . . . . . .

# MID BREAK- NEWS- REGIONAL

આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

................................

# GURU PURNIMA

રાજ્યભરમાં આજે અષાઢી પૂનમ અને ગુરુપૂર્ણિમાના પાવન પર્વની ઉજવણી થઈ રહી છે. ત્યારે બનાસકાંઠાનાં શક્તિપીઠ અંબાજી મંદિરમાં આજે ભક્તોની લાંબી કતાર જોવા મળી. દરમિયાન સમગ્ર પરિસર “બોલ માડી અંબે જયજય અંબે ”ના નાદથી ગૂંજી ઉઠ્યું હતું તેમ અમારા પ્રતિનિધિએ જણાવ્યું.

(બાઇટ --સવજી ચૌધરી,બનાસકાંઠા)

બજરંગદાસ બાપાના ધામ બગદાણા ખાતે આજે ગુરુ પૂર્ણિમા મહોત્સવની શ્રદ્ધાભેર ઉજવણી કરવામાં આવી. સવારે મંગળા આરતીથી ધાર્મિક કાર્યક્રમોનો પ્રારંભ થયો. બાદમાં ધ્વજાપૂજન અને ધ્વજા આરોહણ કરાયું. સમાધિ પૂજન પછી મહિમાપૂર્ણ ગુરુપૂજન વિધિ યોજાઈ.

સુરેન્દ્રનગરમાં દુધરેજ વડવાળા મંદિર , પીપળી રામદેવ મહારાજના મંદિરે તેમજ સંસ્કારધામ ગુરુકુળ સહિત જિલ્લાના ધાર્મિક સ્થળો પર ગુરુ પૂર્ણિમાની ઉજવણી કરવામાં આવી. મોટી સંખ્યામાં હરિભક્તોએ ગુરુજીના તેમજ સાધુ સંતોના દર્શન કર્યા. તેમજ મંદિરોમાં મહાપ્રસાદનું આયોજન કરાયું.

. . . . . . . . . .

# VIDYAPITH GOVERNOR

રાજ્યપાલ અને ગૂજરાત વિદ્યાપીઠના કુલાધિપતિ આચાર્ય દેવવ્રતે વિદ્યાર્થીઓને મહાદેવ દેસાઈ જેવા કર્મયોગી , ધર્માત્મા અને જીતેન્દ્રીય બનવા સલાહ આપી. તેમણે કહ્યું , મહાદેવ દેસાઈ ન હોત તો મહાત્મા ગાંધીજીનું જીવન દર્શન આપણા દર્શન સુધી પૂર્ણરૂપે પહોંચ્યું ન હોત. અમદાવાદના ગૂજરાત વિદ્યાપીઠ પરિસરમાં ગુરુ પૂર્ણિમા નિમિત્તે આજે યોજાયેલા નવપ્રવેશિત વિદ્યાર્થીઓના દીક્ષારંભ સમારોહમાં શ્રી દેવવ્રતે આ વાત કહી. શ્રી દેવવ્રતે કહ્યું , ગૂજરાત વિદ્યાપીઠમાં પ્રવેશ મેળવનારાઓની સંખ્યામાં વિક્રમજનક વધારો થયો છે.

(BYTE- AACHARYA DEVVRAT, GOVERNOR)

આ પ્રસંગે મહાનુભાવોના હસ્તે "ડિજિ વિદ્યાપીઠ" વેબપોર્ટલનું પણ લોકાર્પણ કરાયું. તેમણે વર્ષ 2023 અને 2024 માટેના 'શ્રી મહાદેવ દેસાઈ સમાજ સેવા પુરસ્કાર' પણ એનાયત કર્યા.

. . . . . . . .

# WEATHER FORECAST

રાજ્યમાં આગામી ત્રણ દિવસ સુધી વરસાદનું જોર ઘટશે તેમ હવામાન વિભાગે જણાવ્યું છે. દરમિયાન આવતીકાલે નવસારી, વલસાડ, દમણ, દાદરા અને નગરહવેલીમાં છૂટાછવાયા સ્થળ પર ભારે વરસાદની આગાહી છે. જ્યારે 12 જુલાઈ બાદ ફરી વરસાદનો નવો તબક્કો શરૂ થશે. ખાસ કરીને દક્ષિણ ગુજરાતમાં મધ્યમથી ભારે વરસાદની શક્યતા છે. દરમિયાન આગામી 14 જુલાઈ સુધી માછીમારોને દરિયો ન ખેડવા સૂચના અપાઈ હોવાનું હવામાન ખાતાના નિયામક ડૉક્ટર એ. કે. દાસે જણાવ્યું.

દરમિયાન રાજ્યમાં આજે સાંજે છ વાગ્યા સુધી 63 તાલુકામાં વરસાદ નોંધાયો છે. સૌથી વધુ 2 ઈંચ જેટલો વરસાદ ભાવનગર જિલ્લાના ગારિયાધાર તાલુકામાં વરસ્યો છે. આ સાથે રાજ્યમાં અત્યાર સુધી મોસમનો કુલ સરેરાશ 48 ટકા જેટલો વરસાદ થયાના અહેવાલ છે.

. . . . . . . . .

# AMDAVAD AIRPORT DRUGS

અમદાવાદના સરદાર વલ્લભભાઈ પટેલ આંતરરાષ્ટ્રીય વિમાનમથક ખાતેથી આજે કેફી પદાર્થ સાથે એક ભારતીય નાગરિકની ધરપકડ કરવામાં આવી. અમદાવાદના અમારા પ્રતિનિધિ જણાવે છે , ડિરેક્ટોરેટ ઑફ રેવન્યૂ ઇન્ટેલિજૅન્સ- D.R.I. દ્વારા મળતી માહિતીની આધારે ઍર ઇન્ટેલિજૅન્સ યુનિટ- A.I.U. એ બેંગકૉકની ઉડાનમાં આવેલા એક વ્યક્તિની અટકાયત કરી. તપાસ કરતા તેના થેલામાંથી અંદાજે બે કિલોનો કેફી પદાર્થ મળી આવ્યો, જેના અંદાજીત કિંમત બે કરોડ રૂપિયા સુધી હોવાનું અનુમાન છે.

કેફી પદાર્થ સાથે પકડાયેલા મુસાફરની ધરપકડ કરી તેને અદાલતમાં રજૂ કરાયો હતો. બાદમાં તેને સાબરમતી મધ્યસ્થ જેલમાં મોકલવામાં આવ્યો છે. આગળની તપાસ ચાલી રહી છે.

. . . . . . . . .

# TABLE TENNIS ANAND

આણંદમાં આજથી શરૂ થયેલી ગુજરાત સ્ટેટ રેન્કિંગ ટેબલટૅનિસ ચેમ્પિયનશિપનો પ્રારંભ થયો. આજે પહેલા દિવસે પોતાની બંને ક્વાલિફાઈન્ગ રાઉન્ડની મૅચો જીતીને સુરતનાં ખેલાડી તક્ષ કોઠારીએ મૅઈન ડ્રૉમાં પ્રવેશ કર્યો છે.

ટુર્નામેન્ટના પ્રથમ દિવસે બે સ્થાનિક ખેલાડી પાર્થ પંજાબી અને આદિત્ય ભારદ્વાજે પણ પોતપોતાની ક્વૉલિફાઇંગ મૅચમાં પ્રભાવશાળી દેખાવ કરીને મેઈન ડ્રૉમાં સ્થાન મેળવ્યું. તો અંડર-19 બોય્ઝ કૅટેગરીમાં ગાંધીધામ રેન્કિંગ્સના ડબલ ટાઈટલ વિજેતા રાજકોટના દેવ ભટ્ટે પણ તેની ક્વાલિફાઈંગ મૅચો જીતવામાં ખાસ મહેનત કરવી પડી નહતી.

. . . . . . . .